


# RAAM

**RISING AMBASSADORS FOR AHIMSA & MAITRI**



## અહિંસા અને મૈત્રીના શાંતિદૂત તૈયાર કરતી આંતરરાષ્ટ્રીય 'ફ્લાવરશીપ'


## મનોરથ

આંતરિક રૂપાંતરણ અને રચનાત્મક કાર્યો દ્વારા
અહિંસા અને મૈત્રીને વરેલા શાંતિદૂતોનો એક
ભરોસાપાત્ર વૈશ્વિક પરિવાર નિર્મિત કરવો.

| | | | |
|---|---|---|---|
| સ્થળ | : | લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, ટ્રસ્ટ સણોસરા. તા. સિહોર, જિલ્લો: ભાવનગર. ગુજરાત (ભારત) – ૩૬૪૨૩૦ | |
| પ્રેરણા | : | મહાત્મા ગાંધી અને પૂ. મોરારિ બાપુ | |
| પરામર્શન | : | કુલાધિપતિ, કુલપતિ અને ઉપકુલપતિ | |
| પ્રમાણપત્ર | : | લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઇનોવેશન, સણોસરા | |
| સમય અને સ્વરૂપ | : | ૧ વર્ષનો નિવાસી વિદ્યાભ્યાસ | |
| લાયકાત | : | ૧૨ પાસ તેમજ સાદગી, શ્રમ અને સ્વાવલંબન દ્વારા સમૂહ જીવન જીવવાની તૈયારી દાખવતા શ્રદ્ધાવાન | |
| માધ્યમ | : | અંગ્રેજી અને હિન્દી | |
| કોણ જોડાઈ શકે | : | વિશ્વના કોઈપણ દેશ, ધર્મ, જાતિ, ઉંમર કે લિંગની વ્યક્તિ બિનશરતી જોડાઈ શકે છે. | |
| એક વર્ગમાં સંખ્યા | : | વધુમાં વધુ ૨૫ | |
| મૂલ્યો | : | સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, સેવા, સાદગી, અને ચૈતન્યસભર સૃષ્ટિના રચિયતા પ્રત્યેની શ્રદ્ધા | |
| અનુભવી માર્ગદર્શકો | : | વિવિધ ક્ષેત્રોના અનુભવી તજ્જ્ઞો | |
| ઇન્ટર્નશિપ | : | સાબરમતી આશ્રમ-અમદાવાદ, વિનોબા આશ્રમ-પૌનાર, દાંડી મ્યુઝીયમ, ગાંધી તીર્થ-જલગાવ, સેવાગ્રામ-વર્ધા, રામકથા શ્રવણ (ભારતમાં), કૈલાશ ગુરુકુળ, ચિત્રકૂટધામ તલગાજરડા, ગ્રામોદ્યોગ કેન્દ્રો, નેચરોપથી સેન્ટર, પ્રાકૃતિક કૃષિ ફાર્મ વગેરે. | |
| મુખ્ય સંયોજકો | : | શ્રી વિશાલ ભાદાણી<br>+91 9426885387<br>vishalbhadani87@gmail.com | શ્રી જયદેવ માંકડ<br>+91 9825272501<br>jaydevmankad@gmail.com |
| ફી | : | $ 2000 (US) ભોજન અને હોસ્ટેલ સાથે (ઇન્ટર્નશિપ અને મુસાફરી ખર્ચ અલગ થશે કારણ કે દરેક ફ્લાવરની ઇન્ટર્નશિપ તેના રસરૂચિ પ્રમાણે અલગ હશે.) | |


# વિદ્યાભ્યાસનો અધ્યાત્મિક આદર્શ

चित्रम् वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा ।
गरोस्तु मौनम् व्याख्यानम् शिष्यास्तु छिन्नसंशयाः ।।



"Strange indeed is the scene beneath the banyan tree: The disciples are old, while the Guru is young.
The Guru teaches through silence, and the disciples' doubts are dispelled."

# પોષણનું ઘડતર અને પ્રસન્નતાનું ચણતર એ જ જીવનનો ઊર્જાસ્રોત



# હેતુઓ:

- મન વચન કર્મથી સત્યને આધાર બનાવી શાંતિકાર્યમાં જોડાવું.
- દરેક પ્રકારની માનવીય મર્યાદાઓને ઓગાળનાર દિવ્ય તત્ત્વ પ્રેમને સ્થાપિત કરવું.
- સેવા દ્વારા કરુણાનો અમલ કરવો.
- આજના પર્યાવરણીય પ્રકોપો અને યુદ્ધોના સંદર્ભમાં ગાંધીવિચારને અમલીકૃત કરવો.
- નાનામાં નાના સ્તરે ચાલી રહેલા સંઘર્ષોને સત્સંગ-સંવાદ દ્વારા ઉકેલવા શાંતિદૂત બનીને કાર્ય કરવું.

# હેતુઓ:

- ઈકો-ફ્રેન્ડલી/મીનિમલિઝમ જીવનશૈલી પ્રમાણે જીવવું –લીવીંગ વિથ લેસ.
- સત્સંગને દિનચર્યાનો ભાગ બનાવવો.
- પંચકોશીય વિકાસની યાત્રાના વિજ્ઞાનને સમજીને આધ્યાત્મિક દૃષ્ટિએ સમજીને જીવનચર્યા ગોઠવીએ.
- ‘રામવાડી’ – જે તે વિસ્તાર કે દેશમાં શાંતિકેન્દ્રની સ્થાપના કરવી.
- વ્યક્તિ, સમાજ, પ્રકૃતિ, સંસ્કૃતિ અને વૈશ્વિક ચેતના સાથે આત્મસાથ કરી નિજાનંદી બનવા પ્રયત્ન કરવો

# અભ્યાસક્રમ

**Semester-1:**
**ગાંધીબાપુ**

- સત્ય અને સંવાદિતા
- અહિંસા અને મૈત્રી
- છેવાડાનો પ્રથમ વિચાર
- શ્રદ્ધા અને અધોળ આચરણ


**Semester-2:**
**મોરારિબાપુ**

- પ્રેમ અને કરુણા
- બન્ધુત્ત્વ અને શાંતિ
- સૌનો સ્વીકાર, સહયોગ અને સમર્પણ
- પુરુષાર્થ, પ્રતિક્ષા અને પ્રાર્થના

# દિનચર્યા

- **05:30 – 07:00 am** : યોગ, પ્રાર્થના અને મૌન
- **07:00 – 08:00 am** : ગૃહકાર્યો
- **08:00 – 09:00 am** : નાસ્તો
- **09:30 – 12:30 pm** : વર્ગો/વર્કશોપ/અભ્યાસ/પ્રત્યક્ષ કાર્ય
- **12:30 – 02:00 pm** : ભોજન વિરામ
- **02:00 – 05:00 pm** : ફિલ્ડ વર્ક/જૂથકાર્ય અને ચર્ચા
- **05:00 – 06:00 pm** : રમત-ગમત
- **06:00 – 07:00 pm** : ભોજન અને વાયુ સેવન
- **7:00 – 08:00 pm** : પ્રાર્થના અને સત્સંગ
- **08:00 – 09:30 pm** : વાર્તા વર્તુળ અને તજ્જ્ઞ સંવાદ
- **09:30 pm** : રોજનીશી લેખન અને આરામ

# વૈશ્વિક વિચારધારા સાથેનું જોડાણ



# અપેક્ષિત નિષ્પતિ

- સત્ય, અહિંસા, પ્રેમ, સેવા, કરુણા અને શાંતિની મનુષ્યત્ત્વને ઊજાગર કરતા પ્રેરક પરિબળો તરીકે પ્રતીતિ કરવી અને કરાવવી
- જીવનની નિજાનંદી મોજ પામીને મૂલ્યોને પ્રત્યક્ષ જીવનમાં અને સમાજમાં અમલીકૃત કરવા.
- વ્યક્તિના સદગુણોનું સામજિકરણ કરવા સંગઠિત થવું.
- સત્સંગની પ્રવૃત્તિ દ્વારા આંતરિક અને સામાજિક શાંતિ સ્થાપિત કરવી.

# ફ્લાવરશીપ પછી શું?

- દરેક શાંતિદૂત પોતાના દેશમાં એક 'રામવાડી'નું નામનું પ્રવૃત્તિકેન્દ્ર શરુ કરશે જેમાં નિયમિત સત્સંગ અને સેવા દ્વારા અહિંસા અને મૈત્રીપૂર્ણ શાંતિનો ફેલાવો કરશે.

- આમ, વિવિધ દેશોમાં આવા 'રામબવાડીઓ'નું એક વિશાળ નેટવર્ક ઊભું થશે.

પ્રમાણપત્ર શીર્ષક

# “RAAM: The Peace Ambassador”